# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28/08/2026** **Morning: 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **લોકદરબારમાં બોપલ, ઘૂમા અને શેલાના વિસ્તારોમાં વરસાદી પાણી ન ભરાય તે માટે સરકાર દ્વારા આયોજન કરાયું હોવાનું જણાવતા કેન્દ્રીય ગૃહમંત્રી.**
2. **નેપાળ પૂર હોનારતમાં ફસાયેલા ગુજરાતના લોકોની માહિતી માટે રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઇ નંબર જાહેર કરાયો.**
3. **ગુજરાતની મુલાકાતે આવેલા આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સર્માએ ગુજરાત અનેક ક્ષેત્રોમાં દેશભરમાં અગ્રેસર હોવાનું જણાવ્યું.**
4. **વડોદરા, સોમનાથ, એકતાનગર અને પાવાગઢને ભીક્ષાવૃત્તિ મુક્ત કરાશે.**
5. **ભાઇ બહેનના નિઃસ્વાર્થ પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધન પર્વની ઉમંગ સાથે ઉજવણી.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# AMIT SHAH GHATLODIYA LOKDARBAR

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં લોક દરબાર યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા અને મેયર હિતેશ બારોટની હાજરીમા બોપલ-ઘુમા, શેલા અને આસપાસના વિસ્તારના લોકોના પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરી રીતે લાવવો તેનુ મનોમંથન કરાયું હતું. લોકોની રજૂઆતો સાંભળીને યોગ્ય ઉકેલ લાવી જનસુવિધા અને માળખાકીય સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા શ્રી શાહે બાહેંધરી આપી હતી. અને કહ્યુ હતું કે ભવિષ્યમાં ભારે વરસાદમાં પણ આ વિસ્તારમાં પાણી ન ભરાય તે માટે વરસાદી પાણીના નિકાલ માટે ટાઈમ-બાઉન્ડ આયોજન હાથ ધરવામાં આવ્યું છે**

## (BYTE – AMIT SHAH ON GHATLODIYA)

*("30 ઇંચ વરસાદમાં પણ સોસાયટી કોરી ધાકોર રહે તેવી વ્યવસ્થા અમે કરી. આ નાના પ્લાનિંગની તૈયારી થઈ ગઈ છે અને ટાઈમ બાઉન્ડ ટેન્ડરો અને પાઈપો નાખવાનું બધું પૂરું થાય એની હું વ્યવસ્થા પણ કરીશ. પણ રાજ્ય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભારત સરકાર ત્રણેય એ પણ ગંભીર છે એટલે તમારી સમસ્યાનો નિશ્ચિત ઉકેલ આવશે."“ખાદી માત્ર એક વિચાર નથી, એક આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ એક એવો કન્સેપ્ટ (સંકલ્પના) છે કે મારા જીવનની દરેક પ્રવૃત્તિઓમાં હું મારા સાથી દેશવાસીની ચિંતા કરીશ. આ કન્સેપ્ટને બાપુએ આગળ વધાર્યો હતો. મને એ જણાવતા ખૂબ આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૩-૧૪ માં ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર 31 હજાર કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૫-૨૬ માં વધીને ૧ લાખ ૮૭ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે."“ગવર્નન્સ, પોલિસી, ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અને જીએસટી (GST) કલેક્શન જેવી બેસ્ટ પ્રેક્ટિસ (શ્રેષ્ઠ કામગીરી) બાબતે ગુજરાત દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી સાથે પણ મુલાકાત થઈ. તમામ જે બેસ્ટ પ્રેક્ટિસ છે તેના વિશે સમજવાનો પ્રયાસ કર્યો, શીખવાનો પ્રયાસ કર્યો. અને જે પણ શક્ય હશે તેને આસામમાં પણ લાગુ (ઇમ્પ્લીમેન્ટ) કરવાનો હું પ્રયાસ કરીશ.")*

**આ સાથે જ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બોપલ-ઘુમા વિસ્તારમાં મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, અંડરપાસ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની પૂરતી સગવડ, આર.સી.સી. રોડ અને પેવર બ્લોકના કામો મંજૂર કરી પૂર્ણ કરવામાં આવ્યા છે. તમામ સુવિધાઓ અને કોર્પોરેશનના તમામ લાભો આ વિસ્તારના લોકોને મળે તેવા સ્પષ્ટ પ્રયાસો હાથ ધરાયા છે.**

# AMIT SHAH ON KHADI

દેશમાં ખાદીના વેચાણમાં વધારો થયો છે. લોકો ખાદીની ખરીદી વધારેમા વધારે કરે તેવુ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આહ્વાન કર્યું હતું. **2013-14**માં ખાદી અને ગ્રામોદ્યોગનું ટર્નઓવર **31** હજાર કરોડ હતું જે વધીને આ વર્ષે **1** કરોડ **87** લાખ સુધી પહોંચી ગયુ છે.

શ્રી શાહે અમદાવાદમા ગુજરાત વિદ્યાપીઠના 72માં પદવીદાન સમારોહમા હાજરી આપી કહ્યું કે મહાત્મા ગાંધી માટે ખાદી એ માત્ર એક આર્થિક પ્રવૃત્તિ નહોતી તે રોજિંદી ક્રિયાઓ દ્વારા પોતાના દેશના સાથી નાગરિકો પ્રત્યે સંવેદનશીલતા અને કાળજી દર્શાવવાનું એક મોટું માધ્યમ હતું.

## (BYTE- AMIT SHAH ON KHADI)

*("ખાદી માત્ર એક વિચાર નથી, કોઈ આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ એક એવો કન્સેપ્ટ (સંકલ્પના) છે કે મારા જીવનની દરેક પ્રવૃત્તિઓમાં હું મારા સાથી દેશવાસીની ચિંતા કરીશ. આ કન્સેપ્ટને બાપુએ આગળ વધાર્યો હતો. મને એ જણાવતા ખૂબ આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૩૧ હજાર કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૫-૨૬માં વધીને ૧ લાખ ૮૭ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.")*

# NEPAL TREDEDY HELPLINE NUMBER

**પડોશી દેશ નેપાળમાં અચાનક સર્જાયેલી પૂરની ગંભીર સ્થિતિ અને કટોકટીને પગલે ત્યાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓની સુરક્ષા માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે જણાવ્યું હતું કે ગુમ થયેલા 18 ગુજરાતના પ્રવાસીઓમાં અમદાવાદ, આણંદ, રાજકોટ, વલસાડ, સુરત, ખેડા, અમરેલી, ગાંધીનગર અને વડોદરા જિલ્લાના પ્રવાસીઓનો સમાવેશ થાય છે.**

**જે પરિવારોએ તંત્રનો સંપર્ક કર્યો છે, તેમની વિગતોના આધારે વહીવટી તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે તમામ જિલ્લાઓમાં હેલ્પલાઇન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પણ હેલ્પલાઈન નંબરો કાર્યરત કરવામાં આવ્યા છે, જેના પર કોઈ પણ નાગરિક મદદ માટે સંપર્ક કરી શકે છે.**

**(બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)**

*"માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈના માર્ગદર્શન નીચે વહીવટી તંત્ર દ્વારા તમામ જિલ્લાઓમાં હેલ્પલાઇન નંબર એ જાહેર કર્યો છે. સ્ટેટ ઇમરજન્સી સેન્ટર દ્વારા પણ ત્રણ નંબરો એ જાહેર કરવામાં આવેલ છે છતાં પણ હું જણાવું છું કે 079 232 51900, બીજો નંબર છે 99784 05304 અને હેલ્પલાઇન નંબર બીજો પણ 1070 એ પણ આપણો સ્ટેટ ઇમરજન્સી સેન્ટર ગાંધીનગરનો નંબર છે."*

# NEPAL TREGEDY GUJARATI PEOPLE

નેપાળમાં પૂરપ્રકોપની કારણે ગુજરાતના 18 પ્રવાસીઓ ફસાયા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે. રાજ્ય સરકાર દ્વારા સ્થિતી ઉપર નજર રાખવામાં આવી રહી છે. તેમજ ચિંતાગ્રસ્ત પરિવારો માટે સરકાર દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર કરાયો છે. રાજ્ય સરકારે ગુમ થયેલા 18 લોકોના નામની યાદી પણ જાહેર કરી છે.

જેમાં બિન નિવાસી ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. ત્યારે પૂર હોનારતમાં આણંદ જિલ્લાનું એક બિનનિવાસી ભારતીય દંપતી લાપતા થતાં પરિવારજનોમાં ચિંતાની છે. બિમલ પટેલ અને તેમના પત્ની જૈમિની પટેલ યાત્રાના માર્ગ પર ચીન બોર્ડર નજીક આવેલા 'ટિશુઆ' ખાતેની હોટેલમાં તેઓ રોકાયા હતા. ચીન સરહદ નજીક જરૂરી ઇમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ અચાનક આ દંપતી સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. જેને કારણે પરિવાર ચિંતાગ્રસ્ત બન્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# AASAM CM GUJARAT VISIT

ગુજરાતની મુલાકાતે આવેલા આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન જન ફરિયાદ ઓન લાઈન નિવારણ માટેના ટેકનોલોજી યુક્ત અભિગમની જાણકારી મેળવી હતી. ગ્રામ,તાલુકા અને જિલ્લા એમ ત્રિસ્તરીય સ્વાગત ઓન લાઈનની સંપૂર્ણ વિગતો આસામના મુખ્યમંત્રીને ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીએ આપી હતી.

આ સાથે જ હેમંતા બિસ્વા સરમાએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. હિમંતા બિસ્વા શર્માએ ગુજરાતની કામગીરીની પ્રશંસા કરતાં કહ્યું કે રાજ્યમાં અનેક આયામોમાં સારું કામ થયું છે. ખાસ કરીને **GST** ક્ષેત્રે ગુજરાતની કામગીરી સારી રહી હોવાનું કહી વધુમા આ મુજબ જણાવ્યુ હતું.

## (BYTE- HEMANTA BISHWA SHARMA)

*("ગવર્નન્સ, પોલિસી, ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ અને જીએસટી (GST) કલેક્શન જેવી બેસ્ટ પ્રેક્ટિસ (શ્રેષ્ઠ કામગીરી) બાબતે ગુજરાત દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી સાથે પણ મુલાકાત થઈ. તમામ જે બેસ્ટ પ્રેક્ટિસ છે તેના વિશે સમજવાનો પ્રયાસ કર્યો, શીખવાનો પ્રયાસ કર્યો. અને જે પણ શક્ય હશે તેને આસામમાં પણ લાગુ (ઇમ્પ્લીમેન્ટ) કરવાનો હું પ્રયાસ કરીશ.")*

# FDCA CHECKING

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદના ત્રાગડમાં આવેલી 'આનકી હર્બલ' નામની પેઢી પર સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આ પેઢી જરૂરી લાઇસન્સ મેળવ્યા વિના તથા ગુણવત્તાનું પરીક્ષણ કર્યા વગર જ ગેરકાયદેસર રીતે કોસ્મેટિક્સનું ઉત્પાદન અને બલ્ક પેકમાંથી રીપેકિંગ કરતી હોવાનું સામે આવ્યું હતું.

'આનકી હર્બલ' નામની પેઢી પર કાર્યવાહી દરમિયાન અધિકારીઓએ સ્થળ પરથી ફેરનેસ ક્રીમ, ડાર્ક સર્કલ ક્રીમ, શેમ્પુ, હેર ઓઇલ, બોડી વોશ, ફેસ વોશ, સ્ક્રબ, સોલિડ પરફ્યુમ તેમજ ગ્લિસરીન બેઝ સાબુનો જથ્થો, કાચો માલ, પેકિંગ મટીરીયલ અને છાપેલા લેબલ્સ સહિત કુલ રૂ.**2.68** લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# RAJKOT FARSAN NEWS

જન્માષ્ટમીના તહેવારોને ધ્યાનમા લઈ રાજકોટમાં ફરસાણ અને મીઠાઈનું રાહતદરે વેચાણ કરવામાં આવશે. જેને લઈ મામલતદાર અને ફરસાણનાં વેપારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. 1 સપ્ટેમ્બરથી 6 સપ્ટેમ્બર દરમિયાન તહેવાર નિમિત્તે તેલનાં પ્રકાર પ્રમાણે પ્રવર્તમાન બજાર ભાવ કરતા નીચા ભાવે ફરસાણ તથા મીઠાઈનું વેચાણ કરવા વેપારીઓ સહમત થયા હતા. આ સાથે જ લોકોના આરોગ્યને ધ્યાનમા રાખીને વેપારીઓને દુકાનો પર સ્વચ્છતા જાળવવા, દાજીયા તેલનો ઉપયોગ ન કરવાની તેમજ જનતાને ગુણવતાયુક્ત ફરસાણ અને મીઠાઈ મળી રહે તેની તકેદારી રાખવા વેપારીઓને કહેવામા આવ્યુ હતું.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી **30** ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **137**મી કડી હશે. નાગરિકો ટોલ-ફ્રી નંબર **1800-11-7800** દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા **MYGOV** ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો **1922** પર મિસ્ડ કોલ આપી **SMS**માં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે.

# BHIKSHAVRUTTI BAN

વડોદરા, સોમનાથ, એકતાનગર અને પાવાગઢને ભીક્ષાવૃત્તિ મુક્ત કરાશે.કેન્દ્ર સરકારના અભિયાન અંતર્ગત આ ચાર જિલ્લામાં કામગીર કરવામાં આવશે. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના અધિક સચિવ મોના ખંધારે વડોદરા ખાતે અભિયાનના સુદ્રઢ અમલીકરણ માટે બેઠક યોજી હતી. ભીક્ષાવૃત્તિ કરનારા લોકોને 6 માસ આશરો આપી રોજગારલક્ષી તાલીમ આપી પગભર બનાવવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય, સમાજ સુરક્ષા, રોજગાર અધિકારી સહિતના વિભાગોના સંકલિત પ્રયાસોથી ભીક્ષાવૃત્તિ સાથે જોડાયેલા લોકોને આશરો આપવામાં આવશે.

# RAKSHANBANDHAN

ભાઇ બહેનના અતૂટ અને અપાર અને નિસ્વાર્થ સ્નેહના પ્રતિક સમા રક્ષાબંધનના પર્વની આજે ઉજવણી થઇ રહી છે. બહેનો ભાઇના કાંડાઓ ઉપર રક્ષાકવચ રૂપી રાખડી બાંધીને તેની ઉમંગ અને આનંદપૂર્વક ઉજવણી કરી રહ્યાં છે. ત્યારે પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનની 'શી ટીમ' દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. ડેરોલ સ્થિત 'આપણું ઘર વૃદ્ધાશ્રમ'ની મુલાકાત લઈ મહિલા પોલીસકર્મીઓએ વડીલોને રાખડી બાંધી, કુમકુમ તિલક કરી મીઠાઈ ખવડાવી હતી. વડીલો સાથે સમય વિતાવી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. પોલીસની આ લાગણીસભર પહેલથી વડીલો ભાવુક બન્યા હતા.

પંચમહાલના કાલોલમાં એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની એન.એસ.એસ. વિભાગની વિદ્યાર્થીનીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીનીઓએ પોલીસ જવાનોના દીર્ઘાયુ અને સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી.

સુરેન્દ્રનગરની મહાત્મા ગાંધી સરકારી હોસ્પિટલમાં મહિલા દર્દીઓએ ડોક્ટરોને રાખડી બાંધી